શ્રી દેહેણુવાળી માતા માહાલક્ષમીની જાત્રામાં લાગેલી આગનું.

તથા.

ગૌસ્વરૂપનું.

ગરબા રૂપે.———વરણન.

શ્રી દમણ ગૌહીતક લાઈબ્રેરી.

અર્થે.

પ્રગટ કરનાર.

નેશંકર નંદરામ વ્યાશ.

દમણવાળા.

સુરત ધી રાઈઝીંગ સ્ટાર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું

શને ૧૮૯૬. સંવત ૧૯૫૨.

કિંમત. ૦-૧-૦

६२३२

શ્રી. દેહેણુવાલી માહાલક્ષ્મી માતાની જાત્રામાં લાગેલી આગનું વરણન.

રાગ આજ લાજ લીધો પાતળીયા પ્યારે.

ત્રાહય ત્રાહુગારે કોપ કાધો મહા કાળીએ
જરા મીઠો નજરથી ભાળીએ, માજી અગ્નિથી નવ કોને
બાળીએરે. ત્રાહય ॥ ટેક.

દેહેણુ પાસે માહાલક્ષમી સ્થાન, જ્યાહાં જંગલ ડુંગર રાન
ત્યાંહા તો માજી વસ્યા નિરવાણરે. ત્રા૦ ૧
ભલો આવે જ્યાં ચઇતર માશ સુદ ચઉદશીનો આશ
આવે ૫ક માજીની પાંસરે ત્રા૦ ૨
સરવે માજી તણારે ઊપાસો, કોઇ વસે કલકતે કાશી
આવ્યાં મુંબઇ સુરતના વાસીરે. ત્રા૦ ॥ ૩ ॥
આવે સઘ જેવા દર શાલ, તેમ આવ્યો બાવનનીસાલ
તેમાં કરયો અગ્નીએ તાલરે, ત્રાહય ૪
બાર ઉપર વાગ્યા જ્યા હડી, ત્યારે આગે લગાડી ઝડી

શત્રુ સમીએ તુટી પડીરે ત્રા ૫
દીપ માળની ઊતર બાજુ, જયાંહા માળીનું મંડળ ઝાઝું
તેમા કોઇ રહયુ રહયું નવ સાજુરે ત્રા૦ ૬
એતો દેહેણુ ચીચાણના વાસી, આવે વોરે મન હુલ્લાસી
અગ્ની દેખીને જાય સહુ ત્રાસીરે ત્રા૦ ૭
આવ્યા રાવ દેહેણુના કોડે, તે તો ઉતરીયા સરવે જોડે
અગ્ની માતા તેનો ડામ ફોડેરે ત્રા૦ ૮
સુક્ષ્મ સ્વરૂપ ત્યાહાથી લીધુ, જોત જોતામાં મોટું કીધું
અગ્ની દીઠી સરવ મન બીધુરે ત્રા૦ ૯
ઝળકારો અગ્નાએ દીધો, મુકામ બાળીને સ્સ્તો કીધો
વળી ભોગ મન્યુશ્યએલ લીધોરે ત્રા૦ ૧૦
એક દશ વરષનો બાળ, તેનો અગ્નીએ કીધો કાળ
બળ્યા પછી જડી તેની ભાળરે ત્રા૦ ૧૧
ત્રણ બગદના વાળ્યા ઘાણ, ધુજે જેમ લાગ્યુ હોય માણું
તુટી ભુની પડયા નિરવાણરે ત્રા૦ ૧૨
સઊ પરજુને લુટી લીધા, છેક ભુખ્યા ઉઘાડા કીધા
પછી માજીએ સોડા પીધારે ૧૩
સોડા વાટર વાળો બુમ પાડે, માહારો માલ બળે ઘોળેદહાડે
એને કેમ કરીને કહુડેરે ત્રા૦ ૧૪
નકી અગ્નીને ગાહર દેવુ, હશે માહારાથી એને લેવું

તેથી કરયુ આ જોવા જેવુંરે ત્રા૦ ૧૫
તેથી હુતો કમાયો ન કોડી, સરવે સોસીઆ નાંખી ફાડી
અગની ત્યાંથી તે વેહેલી દોડીરે ત્રા૦ ૧૬
પેલા ૬૬ ખાટાવાલા, અલુ સુગણને ભાજી પાલા
સાગ કંદાંને લાગો જવાલારે ત્રા૦ ૧૭
બલે કેના તે લાસને લીલા, તેમાં લીંબુ પાકેલાં પીળાં
માલ ધણીનાં મોહોડાં ઢીલાંરે ત્રા૦ ૧૮
લાગે સેરડી સીંગ બહુ મીઠી, તેને બળતી મે નજરે દીઠી
એતો અગનીએ કરી અજીઠીરે ત્રા૦ ૧૯
સરવે આગને જાહાળી લીધા, તેને બાળીને પાયમાલ કીધા
પછી સુધ મોડાની લીધીરે ત્રા૦ ૨૦
બળે ગુણો ભરેલુ મીઠુ, એતો પ્રતક્ષ સરવે દીઠુ
કરયુ અગનીએ, કાળુ અજીઠુરે ત્રા૦ ૨૧
પછી છેડયુ અગનીએ નાકુ, લીધી કાળીને લાલ તમાકુ
બળે ગોડરેલુ સારૂં ચાકુરે ત્રા૦ ૨૨
તેની પાસે મોટી એક વસોઆ, દીઠી અગનીને આગો ખસીયા
ખાડે પોક હું પુરો ફસીઓરે ત્રા ૨૩
પેલા બળે ચોખાને દાળ, ગોળ સાકરને ગ્રત રસાલ
અગની માતાએ પાડી ફાળરે ત્રા૦ ૨૪
બળે સુકાને લીલા મેવા, નહી ગણાય જેવા તેવા

દ્રાક્ષ દાડેમ ફળના જેવારે ત્રા૦ ૨૫
બળે ઘણા ને મોટા લોટ, નથી લાભને આવી ખોટ
મોદી કરેછે દેટા દોટરે ત્રા૦ ૨૬
બળે તજ લવીંગ તનાસ, વળી સોપારી ઉજળી લાલ
પડે અગનીને મુખગામ તાસરે ત્રા૦ ૨૭
આતો અગનાએ મુખ માગી લીધુ, આ તેલને પકવાન પીધું
પછી રૂપ શાંતી ન લીધુંરે ત્રા૦ ૨૮
નાખ્યા પરભુ મ ગીને પરકી મુકામ સે એક દાખ્યા ઝટકી
પછી અગન તો ત્યાંથી અટકીરે લા૦ ૨૯
સોની કરા પુજાપો પેચે, તેતો કમાના પેચેપેચે.
આવી રૂપુ સોનુ સડ ખેચે- ત્રદયા. ૩૦
બળ્યાં છત્ર છડીને બેડી. નાખ્યા પગ ઘુઘરુને ફેડી,
સાથે લીધા હાંસણુ હાથ તેડીરે- ત્રા૦-૩૧
નાના બિંબનો બહારે પુજાપો, અમને માળી ડૂને મારુ આપો
મેહેર કરીને દૂખ સહુ કાપોરે- ત્રા૦-૩૨
ગાડી સાઠ સીતેરેક લીધી. તે તો બાળીને ખાખજ કીધી
કોઇ લાગી આડી કોઇ શીધીરે- ત્રા૦-૩૩
કહે કંશારા અગન નવ બુજે, મોદી લોકો તે થર થર ધ્રુજે
બંગડીવાળાને કઇ ના સુજેરે- ત્રા૦-૩૪
કહે કાપડીઆ સુણો મહેતા, નહી બોજે મડપમાં રહેવુ

ભ્રષ્ટ્યા માલ મુખ એમ કહેતારે ત્રા૦ ૩૫
પેલા વ્હોરા ઉભારે વિચારે, કહો કરીમ તું સુધારે
કમરૂભાઈ પંચાતી ભારેરે ત્રા૦ ૩૬
આગ જોઈ વેપારી બીયા, માલ મંડપથી કહાડી લીધા
ખુલ્લી મેદાન ગોડવી દીધારે ત્રા૦ ૩૭
માલ જેમ તેમ ફેંગાળી ઉપાડે પછી મંડપ તોડી પાડે
કાળો ફેર વરતી ધીંગ દહાડેરે ત્રા૦ ૩૮
જેનો વેપાર કંકુને નાડું, તેને મન રાખીને તાહાડું
પોતે માલે ભરવું મુલ્યું જાડુંરે ત્રા૦ ૩૯
પેલા દાળીઆ ખાંડવીવાળા, ખુલ્લી મેદાન ફેરવે માળા
બીહે બળે તો માલ થાય કાળારે ત્રા૦ ૪૦
કહે ચાહ કાફી કરનારો, મારો માલ તો ચોખો સારો
તેથી અગની માતા ઉગારેરે ત્રા૦ ૪૧
પેલા જાળણુ સહુ ગભરાયે, માલ ભરી તે વેહલા થાયે
ગાડાં જોડીને મારગ જાયરે ત્રા૦ ૪૨
કોઇ ચાલેછે પગે પાળા, જાય જોબન વયને બાળા
કોઈ સામન ઊપાડે કોઈ ડાલારે ત્રા૦ ૪૩
પડે માથે સુરજનો તાપ, પગે ઉઠેછે ઊની છાપ
બાળ પુકારે માને બાપરે ત્રા૦ ૪૪
આવ્યા ભરૂચ બીક્ષા હુલાસે તે તો સોળાં પેહેરીને નાહાસે

કહે લેરેણું રેણું પછી સમજાસેરે ત્રા૦ ૪૫
કહે શ્રીકમ સુણોની ભટ, અલ્યા કેશવ કર ઝટપટ.
બાંધ ગાંઠડી જોહાળી ઝટરે. ત્રાહ્યા ૪૬.
કહે કેશવ કરજો રહેમ, દાદા ખરચ છોડયાનો નેમ.
હોણુ ખરચીને જઈએ ક્રમરે ત્રાહ્યા ૪૭.
કહે દાદા બચા રહે બેસી, ગયો લાભ અગ્નીમાં પેસી.
ચાલ નહીંતર નાંખીશ રહેશીરે. ત્રાહ્યા ૪૮.
આતો કાળોતે કેર કહેવાયે, કોઇ ગોઝારી રાંડ આવી હાંએ.
કોપ્યા માજીતો આવું થાએરે ત્રાહ્યા ૪૯
નરનારી સહુ વાતો કરતાં, મુખે અગ્ની અગ્ની ઉચરતાં.
જુઓ માજીના સાચા પરચારે. ત્રાહ્યા ૫૦
બળ્યાં ચીર ચરણને ચોળી ધોતી પટકોને પાઘડી પોહોલી
આગે નાખ્યા તે રૂઊ રગદોળીરે, ત્રાહ્યા ૫૧.
(આગે) કાળસાંક હોમાંઝો માની માઝી હોતીતી નવરંગ સાડી
તીસા બળતી કોણી નાહી કહાડીરે, ત્રાહ્યા, ૫૨.
મેંતો કુટુંબ હોંસે આણ્યું, આવું સ્વપ્નવિષેના જાણ્યું
માહરૂ આગે તે સરવસ તાણ્યુરે, ત્રાહ્યા, ૫૩,
બળ્યાં પાન સોપારીને સુડી, ટાટ તપેલી અંગોછ કુંડી.
લીધો આરોપી માલ મારી જુડીરે ત્રાહ્યા. ૫૪.
ઓ નાહની તે વયની બાળા, તુને લાગીછે અગ્નીજ્વાળા.
સુણી દીલમાં ઉઠેછે ધ્હાળારે ત્રાહ્યા. ૫૫
પેલા સામ બળદનો જોડી, તેને આગે નાંખ્યાછે તોડી.

એક બાળીને જોડી કરી ખોડીરે. લાહયા. ૫૬.
કરે વાત સુંદરને રૂખી, હું તો કાલની બેનછુ ભુખી.
નથી ચલાતુ પગ ગયા દુખીરે, લાહયા, ૫૭,
કહે ભુરી સુણો બેન રાધા, માહરે મોટી રહી એક બાધા
નવ મુકાઇ અફીણે ખાધ.રે લાહયા. ૫૮;
કહે ગુલાબ સુણો બેન માલી; માંહરી પુજા રહીગઈ ઠાલી
હું તો અફીણ બીહીને ચલીરે; લાહયા ૫૯,
કરયો જુલમ આગે ઝ.જે, બળ્યો માલ રહયો નહીં સાજે
થઓ અનરથકે મુડી માજેરે લાહયા ૬૦
જયાંહા જબરો મચ્યો સોર જણી,પોલીશવાળા આણાવેપાણી
છાંટે માલ બળતો લેઇ તાંણીરે લા૦ ૬૧
રહાય પોલીસે સારી કીધી, બલી ફરજ બજાવી દીધી
માલ સાચવા સુધ્ધાજ લીધીરે લા૦ ૬૨
કરે સમજુ તે મન વિચાર, થયુ જાન તે દશ હજાર
બીજો કહે ગણો ભાઇ બારરે લા ૬૩
સહુ વિનવે નરને નાર, કરો માજી સેવકની વ્હાર
મેહેર કરી ઉતારો પારરે લા૦ ૬૪
જયાંહા મેહેર માજીની થાયે, દુઃખ દળદર નાહાશી જાયે.
કહે જેશંકર લાગુ પાયરે લા૦ ૬૫

અથ ગરબો ગૌસ્વરૂપનો.

રાગ સમરૂ સાંભુજીનો સુત વાહ્લો વાસોજી ભેકસેરે

પર બ્રંહ્મને નમુ પાય, ગુણ ગાતા ગાયો તણારે
સતી સરદાની સહાય. થાય તો રહે ના મણારે ૧.
કઠણ આવ્યો કળી કાળ હીંદુસ્થાન હડો ગઈરે
પડી ગાયોને ફાળ, અસુર આવે હો અહીરે ૨.
પુન્ય ગયુ રે પાતાળ, દયા દેશ તજી રહીરે
ધર્મ ઉપર ધાડ, સુરવીરો ગયા વહી ૩.
હવે કોહેનો આધાર, ભરત ભૌની વાગી રહ્યોરે.
નથી બુમને વકાર, આર્ય ધર્મ ઉંઘી ગયોરે
વેદ વિપ્રોને વૈશ્ય, ક્ષત્રી ચારે જતા રહ્યારે.
કરો ધર્મનો ધ્વંસ અસુર હીંદ માહાળી ગયારે ૫.
કોટી ગાયોનો કાળ, કરે હાય આવી આ સમેરે.
નથી થતી સંભાળ, દુષ્ટ દૈત્યો સમા દમેરે ૬.
તેને માટે કરૂ ગાંન, ગાય રૂપનું સુણો સહુરે
જરા ઉઘડી કાન, મનુષ્ય માત્ર સુણો કહુરે ૭
આ ગાયના તમામ, ઠામ ઠામ દેવતા રહ્યારે
તેના સુણો સહુ નામ, જરા ઉરમાં ઉઠે દયારે ૮
કાળી નાશીકા જયાંય, ત્યાંહી વાસો મગુરાનોરે

કારતીક સ્વામી જમણા માંહી, નાક મુળે મહેશનારે ૯
જમણે નેત્રે વસ્યો સુર્ય, ડાબે ચંદ્ર વશી રહ્યારે
જુવો કપાળ સૌદર્ય, તીર્થ રાજ તહીં કહ્યારે ૧૦
અસ્વનીને કુમાર, બેહુ કાનેઃ વીસેસ હારે
યમ ઇંદ્ર બળ ધાર, રહ્યા શીંગડાં વીસે જઇરે ૧૧
ગળે વિષ્ણુ ભગવાન, વિણા ધારી વાસો વસીરે
શત્રુ કેતનું સ્થાન, ગળા મધ્યે ગયું ધસીરે ૧૨
જેની પીઠ બ્રહ્માંય, પછી અગની બીરાજી આરે
વરૂણ કુબેર ભારદ્વાજ, પછી લક્ષ્મી ગાજીઆરે ૧૩
નાગ ગણનો નિવાસ, પુંછડામાં તે જાણજોરે
સીતળાંનો અવાસ, ગોફણા નિમે નાંણવેરે ૧૪
પગ પાછલાને મુળ, માત ગંગાનો વાસછેરે.
ત્યાંહાં નારદ બ્રહ્મા કુળ, વળી વસીષ્ટ પાસછેરે ૧૫
પારાસરને વિશ્વામિત્ર, અગની હેત્ર નાગળ વીશેરે.
મંદ્રાચળકે પવીત્ર, દ્રોણાચલ તે પગે દીસેરે ૧૬.
ચાર બ્રહ્મ કુમાર, આવી પેટ વિષે વશ્યારે,
સાત સાગર ત્યાર, કુખે અમ્રત થઇ ધશ્યારે ૧૭.
જેની નાભીની માંહી, દેવી મથ્થાં બીરાજીઆરે.
બ્રહસ્પતી છાતી જ્યાય, વસી જ્ઞાન પ્રકાશીઆરે ૧૮.
જમણે આગળનો પાય સીવ ભૈરવ રૂપે રહ્યારે.

વાંમે મહા બળી કાય, હનુમાન આવી ગયારે ૧૯.
પગ આગળને જેહ. શુઓ જમાણો જેને કહયોરે.
હેમકુટ ગીરી તેહ, વાસ આવી કરી રહયોરે ૨૦
વિધ્યાચલકે ડાબે પાય ગાય માતાને શું કહુંરે
ગૌલોક કે આ ગાય, વઈકુંઠ કે શું લહુંરે ૨૧
શુક્ર સની છતી પાસ, મંગલ ગલાના મુલમાંરે
બુધનો ત્યાંહા પ્રકાસ, જુવો ગાયો હજુરમાંરે. ૨૨.
રોમ કુપાની માય. સહુ રૂષિ ઠરી રહયારે
પય સ્થાન છે જયાંય, ત્યાં તો અમ્રત સાગર વહયારે ૨૩
આખું ગાયનું સરીર. જેમાં દેવ વસ્યા જાણીને રે
સેવો સુરભીને વીર, ધીર રૂદેમાં આણીનેરે ૨૪
દેવ રૂપ ધરી ગાય, આવી અવની પીમે સહીર
તેનો વરણું મહીમાંય, પાર પામું કહો નહીરે ૨૫
જે છે જગજીવન અંન્ન દાતાએ છે ખરારે
જેના પુત્રો બળી હદ, નામ બળધ રાખ્યું ધરીરે ૨૬
પુજો ગાયોના પાય, ઉપકાર માની એહ ગુરે
સુખ સર્વ જાણું ય, ધર્મ રહે ધરા દેહેનોરે ૨૭
સર્વે દેવો પુંજાય, પુજો ગાયોને પ્રીતે કરીરે
જુવો ચારવાને ગાય, ગોકુળ પધારયા શ્રી હરીરે ૨૮
મોટા મુનીઓને રાય, રામ ગાયોને પુજતારે

દુઃખ ગાંયોને થાય, દેવ તે વળે ધુણતાંરે ૨૯
ખોતા ક્ષત્રીયો સીર, ધીર થઈને વ્હારે જતારે
વઢતા શત્રુને વિર, ગૌ માતાને રાખતારે ૩૦
હેવો હતો હીંદુસ્તાન, ગાનવીનો હવે થયોરે
થઈ ગાયો હેરાન, રાંક થઈને કેમ રહ્યોરે ૩૧
હાય હાયરે આત્રાસ હવે જોયો જાતો નથીરે
કેમ સુતા અવિનાશ શ્વાસ વાળીને સરવથારે ૩૨
કેશુ વાલવાનો પ્રાણ વિશ્વ કરતાં તેં ધારીઓરે
તેથી સમજી નીરવાણ ધને ધરાથી વાળીઓરે ૩૩
એકાકાર આણીવાર કરવા બેઠાં આપે સહીરે
નહીં તો સુરવાર ઉતાર કોઈ ગાયો રાખે અહીંરે ૩૪
આતો ઝાઝો જુલમ થાય જોયુ જાતુ નથીરે
તને ધીરજ કેમ થાય ગાય જાય સરવથારે ૩૫
સરવે બાપકલ્પ સુણો વેદે કહ્યુ ખરૂંરે
તેનો જાણી આ દીશ બોલ સુણો આગે ધરૂરે, ૩૬
ગૌરક્ષામાં હામ ધાહાલી હીંદુ આગે પડોરે
ખાલી ખરચોછો દામ તેથી ગૌરક્ષામાં ભરોરે ૩૭
જેથી થાસે જયકાર ઉપકાર ગાયનો થસેરે
કાશીરામ કીરતાર વ્હારેઆપે આવી વસેરે ૩૮

સંપુર્ણ

મહાજન પ્રત્યે ગાયોની અરજ.

રાગ ઉપર મુજબ.

સુણો સરવે માહાજન. અરજી ગાયોની ઉર ધરોરે
કહે ગયો આ દન, તમો માહારી રક્ષા કરોરે ૧
કેમ સુતા ધારી ધીર, મને પાપી ઘણું પીડેરે
ઉઠો ઉઠો હો વિર. ધાઓ ગાયોને ભાડ પડેરે ૨
કરી કુમતી જે લેક તે તાકેછે દામ આલીનેરે
થાય ગાયોને સોક, કયમ કરસે ગેહર ઘાલીનેરે ૩
મને બાંધે ગગ ગાંહી, જયાંહા ચાર પાણી નહીરે
જોયા હુન્નું હું ત્યાંહા, ચાંતા જાયે નવ કહીરે ૪
પાડુ ઝાઝો બરાડ, લેશ દીલમાં નવ દયારે
ઉલટી ઉડેછે ધાડ. કેમ કાળજ કઠણ થયારે ૫
આપુ સહુને પય પાન. નથી કોઇને દુભતીરે
કહાં ભુલ્યા છો ભાન, શાને કરોછો કુમતારે ૬
દુધ દહિ ઘૃત જેહ, છાશ માખણનું પાંનછેરે
આપુ સરવને તેહ માહારા ત્યાંહા સમાનછેરે ૭
નથી દ્વેશ કે રાગ, નથી ગણતા હુ જુજવારે.
ગણો પુન્યનો ભાગ ,ચરણ ગાયોના પુંજવારે. ૮
કહયુ વેદ કુરાન, પ્રાણ બચાવો ગાયનારે,
સુણો ધારીને ધ્યાન, એતો ધરમના આયનારે ૯
ઉઠો હીંદુ મુશલમીન વળી રૂષી ને પારસીરે
ચારે વર્ણ આદીન થાઓ તૈયાર કમ્મર કશીરે ૧૦

કરો સપ સઉ ભાઇ ગૌ સેવાને કારણેરે
જેથી વધે કમાઇ જાઈ સેવકો વારણેરે ૧૧

કહે જેશંકર એમ તમેઃ અરજી રૂદે ધરોરે.
નીત્ય ધારીને નેમ કામ દુખાની રક્ષા કરોરે ૧૨

સમાપ્ત

પ્રિય વાંચનાર.

માહારા તરફથી થોડા દિવશમાં " કન્યા વિક્રય થતી ભાંજગડ " નામનો લઘુ ગ્રંથ ગદ્ય રૂપે બહાર પડનારછે. જેમાં આબેહુબ કન્યા વિક્રયથી થતી ભાંજગડનો ચીતાર આપવામાં આવેલોછે. જેના વિશે આત્મ પ્રશંશા કરવી મહને પસંન્ન નહી હોવાથી વધુ લખંણ ન કરતાં તેના ગ્રાહક થઇ નીચેના સિરનામે નામ નોંધાવવા ખાસ ભલામણ કરંછઉં.

લી૦ શેવક.

વ્યાશ. જેશંકર નંદરામ.

ઉમણવાળા.